chapter- 3



# પ્રકરણ - ૩

# નાટ્યાચાર્ય

પ્રત્યેક કલાની અભિવ્યકિતના વિભિન્ન માધ્યમ છે. જેવી રીતે ચિત્રકલાનું માધ્યમ આકૃતિ અને રંગ તથા કાવ્યનું માધ્યમ શબ્દ અને ધ્વનિ તેજ પ્રકારે સંગીતની અભિવ્યક્તિનું માધ્યમ ધ્વનિ છે. વાદ્ય સંગીત તથા મુક્ત આલાપ વગેરેનું માધ્યમ ફક્ત ધ્વનિ છે, તથા પદ્ય-બધ્ધ સંગીત જેમ કે ધ્રુપદ,ખ્યાલ વગેરેનું માધ્યમ ધ્વનિ અને કવિતા બને છે. પરંતુ તેમાં પ્રધાનતા ધ્વનિની છે. ધ્વનિ જ રાગને પ્રકટ કરવાવાળું માધ્યમ છે. ધ્વનિ દ્વારા વિભિન્ન ભાવોને પ્રદર્શિત કરવામાં આવે છે. અને વિભિન્ન ભાવોને પ્રગટ કરવાવાળી ધ્વનિજ સંગીતની જનની છે. આ ધ્વનિને આપણે નાદ કહીએ છીએ સંગીતનું માધ્યમ અતિસુક્ષ્મ છે. તેની સૃષ્ટિ નાદથી થઈ છે. નાદ બ્રહ્મ છે, અને મનુષ્યનું અંતઃકરણ બ્રહ્મ-સ્વરૂપ છે. નદ્ ધાતુથી ઉત્પન્ન શબ્દ નાદનો અર્થ જ અવ્યકત ધ્વનિ.

**नकारं प्राणनामानं दकारमतलं विदुः ।।**

**जातःप्रणाग्नि संयोगात्तने नादोऽभिधीयते ।।६।।**

(સં.ર.પ્રથમ સ્વરગત અધ્યાય તૃતીય પ્રકરણ)

નકાર એટલે વાયુ (પ્રાણ) અને દકાર એટલે અગ્નિ આ બંને તત્ત્વોના સંયોગથી નાદની ઉત્પત્તિ થઈ છે. માનવશરીરમાં કુદરતી રીતે સ્થિત કંઠ અથવા ધ્વનિ તે નાદ છે. તેથી જ માનવશરીરથી નાદ અને નાદથી ગીતની ઉત્પત્તિ માનવામાં આવી છે.

**शरीरन्नाद संभूतिः गीतान्नाद प्रवर्त्तते ।।**

(સં.ર. દ્વતિય પ્રકરણ શ્લોક - સં. ૭)

આ પ્રમાણે ગીતનો આધાર નાદ અને નાદનો આધાર માનવ શરીર છે. તેથી જ માનવશરીરના મુખમાંથી નીકળતા કંઠ દ્વારા સ્વર અને વાણીથી ગીતની અભિવ્યક્તિ કરી શકીએ છીએ. તેથી જ ગીત શબ્દને 'શરીરજગીત' કહીએ છીએ, જયારે મનુષ્ય નિર્મિત વાદ્યમાં ગીતની

અભિવ્યક્તિ ન કરતા ફક્ત નાદની જ અભિવ્યક્તિ કરી શકીએ છીએ. તેથી ગીતને નાદવ્યક્ત કરવાવાળું કહેવામાં આવ્યુ છે.

**'गीतं नादात्मकं वाद्यं नादव्यक्त्या प्रशस्यते ।।''**

(સં.ર. પ્રથમ સ્વરગત અધ્યાય પ્રકરણ બીજું શ્લો. સં ૧)

પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિથી સંગીત સૃષ્ટિ ધ્વનિ આંદોલન પર આધારિત છે. કોઈપણ વસ્તુપર આઘાત કરવાથી અથવા રગડવાથી તે વાયુને આંદોલિત કરે છે. તેથી વાયુ વાતાવરણમાં કંપન ઉત્પન્ન થાય છે. જે આપણા કર્ણરન્ધમાં પ્રવેશ કરી પ્રકૃતિ પ્રદત્ત કર્ણયંત્રને સ્પન્દિત કરે છે. જેના કારણે આપણી ચેતનાને ધ્વનિ આભાસ થાય છે. જ્યાં સુધી આપણા કર્ણયંત્ર વાતાવરણમાં ઉત્પન્ન થતા આંદોલનને ગ્રહણ કરી શકાતાં નથી ત્યાં સુધી આપણા માટે ધ્વનિનું કોઈ અસ્તિત્વ નથી. વિશ્વ તો નાદાધીન છે પરંતુ આપણે આપણા કર્ણયંત્રની સિમિત શક્તિના કારણે આ બધા ધ્વનિને શ્રવણ કરી શકતા નથી.

નાદ એ એક એવું અર્દશ્ય શક્તિમાન પદાર્થ છે. જે સંસારમાં સર્વત્ર વ્યાપ્ત છે. નાદની અભિવ્યક્તિ મનુષ્ય પોતાના કાનથી કરી શકે છે. પરંતુ તેને જોઈ શકાતી નથી. તેથી જ નાદને 'બ્રહ્મ' અને જગતને ''નાદાધીન'' કહેવામાં આવે છે.

**नादेन व्यजयते वर्णः पदं वर्णात् पदाद्वचः ।**

**वचसां व्यवहारोऽयं नादाधीनमतो जगत् ।।१४।।**

(સં.દ. ૧/૧૪) (સં.ર. ૧/૨/૨)

અર્થાત્ સંપૂર્ણ બ્રહ્માંડ નાદમય છે. કારણ કે નાદથી વર્ણ, વર્ણથી શબ્દ અને શબ્દથી વાક્ય તથા વાક્યથી ભાષાનો ઉદ્ભવ થાય છે. તથા ભાષાથી સૃષ્ટિ નો વ્યવહાર ચાલે છે. અતઃ સંપૂર્ણ જગત નાદને આધીન છે. પરંતુ માનવે એવા પ્રકારનો નાદ પસંદ કરવો જોઈએ કે જે મોક્ષ પ્રાપ્તિ

તરફ લઈ જાય અને જીવનના દરેક પ્રસંગે ઉપયોગી થઈ પડે અર્થાત્ તે સંગીત. તેથી જ આપણા મુનિઓ કહે છે કે...

**नादरुप स्मृतो बह्मा नादरुपो जनार्दनः ।**

**नादरुपा पराशक्तिः नादरुपो महेश्वरः ।।**

(બ્રહેદશે શ્લોક - ૧૭)

પરમેશ્વરને ત્રિગુણાત્મક ત્રિમૂર્તિ કહીએ છીએ. નાદથી સ્વરના ત્રણ ગ્રામ ઉત્પન્ન થયાં જેવી રીતે ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ કાળ છે, સ્થૂલ, સૂક્ષ્મ, અને કારણ ત્રણ શરીર છે, સત્ત્વ, રજસ્ અને તમસ આ ત્રણ ગુણ છે, આકાશ,પાતાળ,અને ભૂમિ ત્રણ લોક છે, લાલ, નીલા, અને પીળો આ ત્રણ રંગ છે, એવી રીતે ષડજ,મધ્યમ અને ગંધાર ત્રણ સ્વર; તેના ઉત્પન્ન થયેલા ત્રણ સપ્તક, મંદ્ર, મધ્ય અને તાર, તાલ વાદ્યમાં તિહાઈનાં ત્રણ ભાગ હોય છે. એટલે જ આ સંગીતરૂપી તિહાઈ અર્થાત્ બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ રૂપ માનવામાં આવે છે. અને ૐ એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાંથી ઉત્પન્ન થયેલો છે. અને તેથી જ સંગીતરૂપી નાદની આરાધના કરવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે.

નાદના આઠ પ્રકાર છે.જેને આપણા મુનીઓ આઠદીશાઓની સાથે સંબંધ બતાવે છે. ઘોષ, રવ, શબ્દ, સ્વન,સ્ફોર, ધ્વનિ, ઝંકાર,અને ધ્વંકૃત આ બધાનો એક નાદ જેને મહાનાદ કહેવામાં આવે છે. સંગીત આ મહાનાદની એક ઉચ્ચતમ શાખા છે.

તેથી જ ઉપનિષદમાં કહયુ છે કે સંગીત એ ઈશ્વરીય વાણી છે, તેથી તે બ્રહ્મરૂપ છે. શાસ્ત્રોમાં કહયુ છે કે બ્રહ્મએ એક અખંડ અદ્વિતીય હોવા છતાં પણ તે પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મ આ બંને રૂપોમાં કલ્પિત છે. શબ્દબ્રહ્મને સમજી લેવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

**शब्दबह्माणि निष्णातःपरबह्माधिगच्छति ।।**[૧]

(બ્રહ્મ બીન્દુ ઉપનિષદ શ્લોક- ૨૨)

શબ્દબ્રહ્મ અર્થાત્ નાદ; તેથી નાદને સિધ્ધ કરવાથી ઈશ્વર પ્રાપ્તિ થાય છે. આપણા ઋષિમુનિઓ તથા વિદ્વાનો કહે છે કે...

खगाः भृंगाः पतंगास्च कुरंगद्यपि जन्तवः ।
सर्व एव प्रगायन्ते गीतव्याप्ति दिगन्तरे ॥[१]

પક્ષીઓ,ભમરાઓ,પતંગિયાઓ, હરણો વગેરે જીવજંતુઓ પણ ગીત લલકારતા રહે છે. ગીત તો બ્રહ્માંડ વ્યાપી છે. અર્થાત્ સંગીત માત્ર માનવીની જ નહી સમસ્ત સૃષ્ટિના પ્રાણીઓની સંપતિ છે. એ સઘળાં પોત પોતાની રીતે એનો ઉપયોગ કરતા રહે છે. પરમાત્માનું નામ આમ તો કોઈપણ પ્રકારના શબ્દોચ્ચારથી લઈ શકાય છે. પરંતુ જ્યારે એને ગીત વાદ્યની સાથે ગાવામાં આવે ત્યારે શાસ્ત્રકારોના અભિપ્રાય મુજબ એની અસર સામ-શ્રુતિ -ગાનની માફક અત્યંત પ્રભાવશાળી બની રહે છે.

विष्णु नामानि पुण्यानि सुस्वरैरान्विता निचेत् ।
भवन्ति साम तुल्यानि कीर्तितानि मनीषिभि : ॥[१]

(સંગીત પારીજાત)

અર્થાત્ જો તાલ સાથે સ્વરો મેળવીને ભગવાનનું નામ ગાવામાં આવે તો તે સામગાનની માફક ફળદાયી બને છે.જેવી રીતે બ્રહ્મવિદ્યાની અંદર અદ્વૈત-બ્રહ્મચિંતન છે. તેવી જ રીતે સ્વરસાધના એ ભિન્ન પ્રકારની નાદબ્રહ્મની આરાધના જ છે. જેનાથી મનોરંજન મળે અને પ્રફુલ્લતા મળે એવી એક કલાના રૂપમાં સંગીતને અત્યાર સુધી ગણવામાં આવતું હતુ. પરંતુ હવે વિજ્ઞાનને એ વિશ્વાસ થતો જાય છે કે સંગીત એ મોટુ મહત્ત્વનું શક્તિકેન્દ્ર છે. જો આ શક્તિનું યોગ્ય રીતે સંશોધન અને ઉપયોગ કરી શકાય તો ઘણા આશ્ચર્યજનક રહસ્યોની આપણને જાણ થશે અને એનો માનવજાતિના કલ્યાણમાં મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ શકશે.

સંગીતતો એક મહાસાધના છે. અને તેની સિદ્ધિ છે બ્રહ્મની પ્રાપ્તિ 'નાદબિન્દુપનિષદ'ના ૪૨ થી ૪૫ માં મંત્રોમાં દર્શાવવામાં આવ્યુ છે કે ભમરો ફૂલોનો રસ ગ્રહણ કરતાં ફૂલોના ગંધની આશા રાખતો નથી. એજ રીતે નાદમાં રૂચિ રાખનારનું ચિત્ત વિષયવાસનાની દુર્ગંધની ઈચ્છા કરતું નથી પરંતુ નાદમાં આસક્ત બનેલું ચિત્ત સર્વ પ્રકારની ચંચળતાને વિસરી જાય છે. સંસારની ચંચળતાઓથી અળગા થયેલા મનની એકાગ્રતામાં વૃધ્ધિ થાય છે. અને વિષયવાસના પ્રતિ અરૂચિ પ્રગટવા લાગે છે. જો કદાચ મનને હરણ અથવા મોજાની ઉપમા આપવામાં આવે તો નાદને હરણને બાંધવા અને પકડવા માટેની જાળ કહી શકાય. નાદને મોજાઓને વિચારોમાં નિયંત્રિત કરનારો કિનારો જ માનવો પડે [1]

આ ઉપનિષદમાં બ્રહ્મની અનુભૂતિની શક્તિઓમાં નાદને પણ એક શક્તિ તરીકે માનવામાં આવ્યો છે. અને એમ પણ દર્શાવવામાં આવ્યુ છે કે એનો અભ્યાસ કરતો સાધક એક એવા મધુર સ્વર સંગીતમાં એકાકાર થઈ જાય છે કે જેનાથી સમગ્ર સૃષ્ટિ જ એનો એક પ્રાણ અને પરમાત્માનું પ્રતીક હોય એવો અનુભવ થવા લાગે છે. ''યોગ તારાવલિ'' માં એક આખ્યાયિકા આવે છે. દેવતાઓ સઘળા સાથે મળીને ભગવાન શંકરની પાસે ગયા અને સાધનામાં સફળતા મેળવવાનો ઉપાય જણાવવા વિનંતી કરી ત્યારે

**सदाशिवोक्तानि सपादलक्षलयाव धानानि वसान्ति लोके ।**
**नादानुसन्धान समाधिमेकम् मन्यामहे मान्यतममलयानाम् ।।**

(યોગતારાવલી)

ભગવાન શંકરે મનમાં લય કરવાની અસંખ્ય સાધનાઓ પૈકી નાદ અનુસંધાન સૌથી સરળ અને શ્રેષ્ઠ છે એમ દર્શાવ્યુ. અણુ પરિવારની ગતિવિધિઓની શોધ કરતા એમ જાણવા મળ્યું છે કે પોતાની ધરી પર તથા કક્ષા પર પરિભ્રમણ કરનારા પરમાણું ઘટકોની જે દિશા-પ્રેરણા અને ક્ષમતા પ્રાપ્ત થાય છે એનો ઉદ્દગમ એક અત્યંત સુક્ષ્મશક્તિ છે. જે ને ધ્વનિ 'નાદ' નું રૂપ કહી શકાય .

પ્રકૃતિની પ્રેરણા શક્તિની અંદર એક પ્રકારનું સ્પંદન હોય છે. ઘડિયાળમાં હથોડી ઠોકવાથી ઉત્પન્ન થતા ટંકાર સાથે એની સરખામણી કરી શકાય. ટંકાર થઈ ગયા પછી જે ઝણઝણાટી થતી રહે છે તેને દિવ્ય દૃષ્ટાઓએ ૐકાર ધ્વનિ કહયો છે. આ ધ્વનિ સદાસર્વદા સુક્ષ્મ પ્રકૃતિની અંદર ગતિમાન રહે છે. જે ને પ્રકૃતિ અને બ્રહ્મનો સંયોગ કહે છે. આ આઘાત-પ્રત્યાઘાતથી સૃષ્ટિના સમગ્ર હલન-ચલનનો આરંભ ગતિમાન થાય છે. અણુને અહીંથી ગતિ મળે છે. ઊર્જાના મોજાઓની હારમાળા આ કેન્દ્રમાંથી ઉત્પન્ન થાય છે. એક સત્તાનું વિપુલ પ્રમાણમાં વિકરણ ''એકોઙહમ બહુસ્યામ્''ની ઊક્તિ અનુસાર આ મર્મ બિન્દુમાંથી શરૂ થાય છે. બિન્દુયોગ અને નાદબ્રહ્મની નાભિ આજ છે. આ સ્વરતંત્ર નાદયોગ છે. શબ્દબ્રહ્મનો પોતાની માયા- સ્ફૂરણા- ઈચ્છાની સાથે ચાલી રહેલો સંયોગ ૐકારના રૂપમાં ઝરીને પરા અને અપરા પ્રકૃતિના ગહન ઊંડાણમાં જડ-ચેતનની ગતિવિધિઓનું સર્જન કરે છે.

દીવાલ ઘડિયાળના ડોલતા લોલકને એકવાર હલાવી દેવામાં આવેતો ઘડિયાળમાં જયાં સુધી ચાવી અપાયેલી રહે છે. ત્યાં સુધી એકનીએક ગતિએ ડોલતું રહે છે. બરાબર એજ રીતે આરંભ થઈ ચુકેલી સૃષ્ટિ સ્વસંચાલિત પ્રક્રિયા અનુસાર પોતાનું કાર્ય ક્ર્યા કરતી રહે છે. પોતાની ધરી પર એકવાર ફેરવેલા ભમરડાની માફક લાંબા સમય સુધી ઘૂમતી રહે છે. એનો સંચાલક શબ્દબ્રહ્મનો પેલો મૂળ ધ્વનિ છે. જેને ૐકાર કહેવામાં આવે છે. જેવી રીતે સૂર્યમાંથી સાત રંગના સાત-સાત કિરણો જ ફૂટતા રહે છે. એજ રીતે સ્વર બ્રહ્મ પોતાને સાત સ્વરોમાં વિભકત કરે છે. સંગીતમાં એને ''સા-રે-ગ-મ-પ-ધ-નિ''ના ક્રમમાં ગાવા-વગાડવામાં આવે છે. યોગ સાધનામાં રાજયયોગ, હઠયોગ, પ્રાણયોગ, શક્તિયોગ, જ્ઞાનયોગ,કર્મયોગ, અને ભક્તિયોગના નામ આપવામાં આવ્યા છં. શરીરમાં એને ષટચક્ર અને સાતમું બ્રહ્મરંધ-સહસ્ત્રદલ કમલના રૂપમાં ગણવામાં આવે છે. સપ્તઋષિ, સપ્તલોક, સપ્તસાગર, સપ્તમેરૂ, સપ્તદેવ, સપ્તતીર્થ, સપ્તસાધનાના રૂપમાં બ્રહ્મ વિદ્યાનો વિસ્તાર થયો છે. ભૌતિક વિજ્ઞાનનું પણ સાત ભાગોમાંજ વિભાજન થયું છે.

આ બધાને ભેગા કરીને સ્વયં સંચાલિત સૃષ્ટિક્રમની અંદરની સ્ફૂરણાઓને બ્રહ્મ-

સંગીત કહી શકાય છે. જેનો અલંકારિક ઉલ્લેખ શ્રીકૃષ્ણની વાંસળી, શંકરજીનું ડમરૂ; સરસ્વતીમાંની વીણા,માનવકાયાનો મેરૂદંડ વિગેરે છે. શ્રીકૃષ્ણની વાંસળીને કંઠસ્થિત સ્વરનળી, શંકરજીના ડમરૂને ધડકતુ હૃદય કહી શકાય છે. લપડ્રપ ને ધબકાર અથવા શંકરનો ડિમડિમ ઘોષ કહેવામાં આવે છે. શ્વાસનળીઓમાં વાયુની અવરજવર ''સોઽહમ્'' ના ધ્વનિમાં શ્રીકૃષ્ણ વાંસળીના રૂપમાં નાદમય બની જાય છે. ઈડાપિંગળા અને આરોહ-અવરોહ મેરૂદંડની વીણામાં સપ્ત વ્યાહુતિયોના સપ્ત સ્વરની ઝંકાર ઉત્પન્ન કરે છે. અને કુંડલીની સર્પિણીની સાતજીભા સાતનાદના રૂપમાં પ્રગટેલી છે. એમ માનવામાં આવે છે. નાદયયોગનો સાધક સુક્ષ્મ કર્ણેન્દ્રિયના માધ્યમ દ્વારા ઘંટનાદ, શંખનાદ, વેણુનાદ, મેઘનાદ, ઝરણાનો પ્રવાહ વગેરેના રૂપમાં સાંભળવાનો પ્રયત્ન કરે છે. અને એ આધારે સુક્ષ્મ પ્રકૃતિની અંદર ચાલી રહેલી અસંખ્ય ગતિવિધિઓનો જાણકાર બને છે. આ સ્વરનિનાદોની સાથે જેઓ પોતાનો સંબંધ બાંધે છે, તે પ્રકૃતિ ઉપર સ્વામિત્વ સ્થાપવામાં અને એને પોતાની અનુયાયી બનાવવામાં સફળતા પ્રાપ્ત કરે છે. યોગવિદ્યાને પણ પોતાનું સ્થાન છે. નાદ દ્વારા ચાલતા સૂર્ય-ચંદ્ર સ્વરોને માધ્યમ બનાવી ને કંઈ કેટલાએ સાધકો પ્રકૃતિની અંદર પ્રવેશ કરે છે. અને ત્યાંથી મનોવાંચ્છિત મણિમાણેક પ્રાપ્ત કરે છે.

વેદોનું અવતરણ શબ્દ બ્રહ્મની સાથે થયું છે. સ્વરતો અપૌરૂષેય છે. અને એથી વેદોને પણ અપૌરૂષેય કહેવામાં આવે છે. પ્રત્યેક વેદ મંત્રને ઋચા અને છંદ કહેવામાં આવે છે. એનાથી સ્વરની બાંધણી સ્પષ્ટ કરવામાં આવી છે. વેદોના જ્ઞાનની ધ્વનિ પધ્ધતિઓને જ સભાગાન કહેવામાં આવે છે. સામવેદના પોતાના મંત્રો તો આંગળીને વેઢે ગણી શકાય એટલા જ છે. બાકીના બધા ઘણું કરીને ત્રણ વેદમાંથી લેવામાં આવ્યા છે. અને એમનું સ્વર સંકલન વિશિષ્ટ સ્વરલિપિઓની સાથે કરવામાં આવ્યુ છે. કોઈ એક સમયે સામગાનના એક હજાર સ્વર ધ્વનિઓ હતા હવેતો એમાંથી બહુ થોડાજ બાકી રહી ગયા છે. એક સમયે સામગાન વૈદિક સાધના પધ્ધતિનું મુખ્ય અંગ હતું એ આધારે પોતાનું અને પરનું કલ્યાણ કરવાના અનેક હેતુઓ સાબિત થતા હતા. વેદ મંત્રોમાં જે જ્ઞાન સંગ્રહાયેલું છે તે તો સાધારણ જ છે. એનાથી પણ વધુ સ્પષ્ટ અને પ્રભાવશાળી જ્ઞાન ઉપનિષદો તથા અન્ય ધર્મગ્રંથોમાં મોજુદ છે. વેદ મંત્રોનું મહત્ત્વ માત્ર તેના અર્થોના નિર્દેશ સુધી સિમિત નથી પરંતુ એનું

ગૌરવ તો ઋચાઓના સ્વર સંહિતા ઉચ્ચારણમાં છે. એ શક્તિઓમાં સંગ્રહાયેલું છે. અને આ સમગ્ર સામગાનનો આધાર નાદ છે. એવું કહેવામાં આવ્યુ છે. સૃષ્ટિની વિવિધ ક્રિયા સમૂહોનું સંચાલન કરનારી ભૌતિક શક્તિઓ તથા ભાવનાત્મક અભિવ્યંજનાઓ સુક્ષ્મ પ્રકૃતિની અંદર તો મૂળ ધ્વનિ પ્રવાહ બનીને જ કાર્ય કરી રહી છે. આ ધ્વનિ પ્રવાહોની સંખ્યા સાત છે. એમના પરસ્પરના મિશ્રણથી અનેક ધ્વનિ તરંગો પણ બને છે. શરીરમાં પણ એમની સંખ્યા સાત છે. અને સૃષ્ટિની અંદર પણ એ સાતની જ છે. વેદ મંત્રોની સ્વરરચના આ સત્યને લક્ષમાં રાખીને કરવામાં આવી છે. એમનું વિધિવત ઉચ્ચારણ જ્યાં પ્રાણ ધારણ કરનારાઓમાં જુદી-જુદી કક્ષાની સ્ફૂરણા ઉત્પન્ન કરે છે ત્યાં સૃષ્ટિગત હલનચલનના મૂળમાં ચાલી રહેલા સ્પાંદનોની સાથે પણ પોતાનો સંબંધ જાળવી રાખે છે. આ આધારે વેદમંત્રોમાં આશ્ચર્યજનક પ્રભાવ હોય છે. શાપ-વરદાનની-શુભની અભિવૃધ્ધિ અને અશુભનું નિરાકરણ કરવાની શક્તિ શ્રુતિમાં ભરેલી પડી છે. એનો આધાર આ વૈદિક સ્વરવિજ્ઞાન જ છે. લયયોગનો સાધક ''અનહદનાદ''ના નામે એની વ્યાખ્યા કરે છે. અને નાદબિંદુયોગને આધાર બનાવીને પરબ્રહ્મની સાથે પોતાનું તાદાત્મ્ય સાધે છે. સિધ્ધિઓ અને ઐશ્વર્યો સ્પષ્ટ રૂપે આ તાદાત્મ્યમાંથી ઉત્પન્ન થાય છે. શબ્દયોગી નાદબ્રહ્મનો સાધક આ પ્રક્રિયાને અપનાવીને સિધ્ધિયોગી બની શકે છે. અને પોતાનું તો ખરૂંજ પણ સાથે શ્રોતાઓનું પણ કલ્યાણ કરી શકે છે. પ્રાચીનકાળમાં અવાર નવાર વેદમંત્રોના સ્વર સાથેના ઊચ્ચારણમાં પ્રયોગ સ્વરવિદ્યાના રૂપમાં માનવ વ્યકિતત્ત્વના સમગ્ર વિકાસ કરવા માટે તથા તેમાંથી ઉત્પન્ન થતા અવરોધોનું શમન કરવા માટે કરવામાં આવેતો આ વિજ્ઞાનને પુનર્જીવન આપીને એવો જ લાભ પાછો પ્રાપ્ત કરી શકાય છે. અને એનાથી વ્યક્તિત્ત્વમાં દૈવત્ત્વનો ઉદય અને સમાજમાં સ્વર્ગીય પરિસ્થિતિઓનું અવતરણ કરી શકાય તેજ શક્તિનું મુખ્ય સ્ત્રોત છે. ''નાદ''.

પંડિત રામશર્મા આચાર્યએ પોતાની પુસ્તક શબ્દબ્રહ્મ-નાદબ્રહ્મ માં પૃ.૭૫ થી ૯૦ સુધી નાદનું ખૂબ વિશદ વર્ણન કર્યુ છે. જે નીચે પ્રમાણે છે....

આ દિવ્યનાદ તો અનંત અંતરિક્ષમાં કોઈપણ જાતના પ્રકૃતિગત ઊંડાણ કે સપાટીનો આશ્રય લીધા વિનાજ સ્વયં પોતાની મેળે જ વહ્યા કરે છે. એ ચેતન છે, દિવ્ય છે, અલૌકિક છે,

અભૌતિક અને અતીન્દ્રિય છે એટલે જ એને દેવ વાણી પણ કહે છે. અને ધ્યાન યોગના માધ્યમ દ્વારા આપણું ચેતનમય અંતઃકરણ સાંભળી શકે છે. શ્રવણનો સંબંધ તો કાન સાથે છે. સૂક્ષ્મ અને ચેતના પૂર્ણ ધ્વનિઓ શ્રવણ તંત્રના પ્રતિનિધિ કેન્દ્રની મદદથી સાંભળી શકાય છે. પ્રત્યેક ઈન્દ્રિયની તન્માત્રાઓ સ્થૂલથી સૂક્ષ્મનો સંબંધ જોડી આપે છે. શબ્દ,રૂપ,રસ,ગંધ, સ્પર્શએ શરીરની પાંચ જ્ઞાનેન્દ્રિયોના માધ્યમથી પાંચ તત્ત્વોના સાનિધ્યથી ઉત્પન્ન થતી અનુભૂતિઓથી આપણને માહિતગાર કરે છે. આ થયું સ્થૂલથી સૂક્ષ્મ તરફ ગતિ કરવા માટે નું એક ડગલું એનાથી આગળનું પગલુ વિશુધ્ધ ચેતન અને અભૌતિક બની જાય છે. કે જે દિવ્ય નાદ પ્રવાહોની ચર્ચા આ પંક્તિઓમાં થઈ રહી છે. બ્રહ્મવાણી - દેવ ધ્વનિના રૂપમાં સમજવામાં આવે છે. 'કારણ શરીર'ની કર્ણેન્દ્રિય સાધના,દૈવી સંકેતોની સમજ ઈશ્વરી તત્ત્વ સાથે વાર્તાલાપ અને ભાવનાત્મક આપ લે કરવા માટે સામર્થ્ય થઈ શકે છે. સાધનામય પુરૂષાર્થ કરતાં-કરતાં પોતાના આ દિવ્યતંત્રનો વિકાર કરવો, અપૂર્ણતામાંથી પૂર્ણતા પ્રતિ આગળ વધવું એ છે નાદ સાધનાનો ઉદ્દેશ.

કુંડલીની મહાવિજ્ઞાનમાં નાદની ભરપૂર પ્રશંસા કરવામાં આવી છે. સ્થળે સ્થળે સાધના, વિધાન, મહાત્મ્ય અને ફલશ્રુતિના શ્લોકો આવ્યા કરે છે. કુંડલીની જાગરણ અને નાદયોગનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ દર્શાવતા કહેવામાં આવ્યુ છે કે..

**कला कुण्डलिनी चैव नादशक्ति समन्विता ।**

(ષટચક્ર નિરૂપણ)

...કલા કુંડલીની નાદશક્તિ વડે જોડાયેલી છે.

**कुण्डल्यव भवेच्छक्तिस्तां तु संचाल्यत् ः बुधः ।**
**स्वस्थनादो भ्रुवोर्मध्यं शक्तिचालन मुच्यते ॥**

(યોગકુંડ્યુપનષિદ)

HANSA MEHTA LIBRARY
University of Baroda

સાત અવસ્થામાં રહેલી પોતાની આત્મશકિતને પોતે ચેતનમય બનાવે, ગતિશીલ કરે એમ બુધ્ધિશાળી વ્યકિતઓએ ઈચ્છવું જોઈએ. મૂલાધારની સ્ફૂર્તિમાં મોજાઓ ઉછળીને ભૃકૂટિના મધ્યમાં દિવ્ય નાદનો અનુભવ કરાવવા લાગે ત્યારે સમજવું કે કુંડલીની શકિત જાગૃત-સંચાલિત થઈ છે.

શ્રી આદિનાથે દર્શાવ્યા મુજબ સવા કરોડ લયના પ્રકાર સર્વોત્કર્ષ માટે મોજુદ છે. એ સઘળા લયો પૈકી નાદાનુંસંધાનને જ મુખ્ય માનવામાં આવ્યો છે.

**लयेनादे यदा चित्तं रमते योगिनो भृशम् ।**

**विस्मृत्य सकलेबाह्यां नादेन सहशाम्पत्ति ॥**

(શિવસંહિતા)

જયારે યોગીનું ચિત્ત આ નાદમાં નિરંતર રમણ કરવા લાગશે ત્યારે સઘળા પ્રકારના વિષયોથી સ્મરણ રહિત થઈને સમાધિમાં લય પામશે.

**नासनं सिद्धसदृशं न कुम्भसद्रशं बलम् ।**

**न खेचरीसमा मुद्रा न सदृशो लयः ॥(१)**

સિદ્ધાસન સમાન કોઈ આસન નથી, કુંભક સમાન કોઈ બળ નથી, ખેચરી સમાન કોઈ મુદ્રા નથી અને નાદ સમાન કોઈ લય નથી.

ભગવાન શંકરાચાર્યે પણ ''યોગ તારાવલિ'' માં નાદતત્ત્વની પ્રશંસા કરતા કહયું છે કે

**सदाशिवोक्तानि सपादलक्ष्य लयावधामानि वसन्ति लोके ।**

**नादानुसन्धान समाधिमेकं मन्यामेह मान्यरमं लयानाम् ॥**

**नादानुसन्धान नमोऽस्तु तुभ्यं लाभंन्महे त. वपदं लयानाम् ।**

**भवत्प्रसादत्त पवनन सार्धंविलीयत्ते विष्णुपदे मनो मे ।।**

ભગવાન શિવે મનમાં લય માટે સવા લાખ સાધનોનો નિર્દેશ કર્યો છે. પરંતુ એ સૌમાં નાદાનુંસંધાન સુગમ અને શ્રેષ્ઠ છે.

હે નાદાનું સંધાન ! આપને નમસ્કાર કરૂ છું , આપ પરમપદની સ્થિતિનો લાભ છો. આપની કૃપા વડે મારા પ્રાણ અને મન બંને ભગવાન વશિષ્ઠના પરમપદમાં લીન થઈ જશે.

**न नादेन विना ज्ञान न नादेन विना शिव : ।**

**नादरुपं परं ज्योतिर्नाद रुपी पज्ञे हरि : ।।**

(યોગ તારંગિન)

નાદ વિના જ્ઞાન હોતું નથી, નાદ વિના શિવનું મિલન થતું નથી, નાદ વિના જ્યોતિનું દર્શન સંભવિત નથી નાદ જ ખરેખર પરબ્રહ્મ છે.

''હઠયોગ પ્રદીપિકા'' માં નાદયોગનું મહત્ત્વ તેની ફળ શ્રુતિનું વર્ણન કરતાં કહયુ છે કે..

**नाद श्रवणतः क्षिप्रमन्त रंग भुजदुगमः ।**

**विस्मृत्य सर्वमेकाग्रः कुमचिन्न हि धावति ।।**

સર્પનાદને સાંભળવાથી તુરંત સમગ્ર સંસારને ભૂલી જઈને મન એકાગ્ર બનીને પાછું વિષયો તરફ જતું નથી.

**सदा नादानुसन्धा त्क्षीयन्ते पापसंचयाः ।**

**निरंजने विलीयते निश्चींत्त यित्तमारुतौ ।।**

સદા સર્વદા નાદ અનુસંધાન કરવાથી સંચિત પાપકર્મોનો સમુહ નષ્ટ થઈ જાય છે. અને

પછી નિર્ગુણ અને ચૈતન્ય બ્રહ્મમાં મન અને પ્રાણ બંને નિશ્ચીત રૂપે વિલીન થઈ જાય છે.

**अभ्यस्यमानो नादोऽयं बा मातृणेनम् ध्वनिम् ।**

**पक्षाद्विपक्षेपमखत्मं जित्वा योगी सुखी भवेत् ॥**

અભ્યાસ કરવામાં આવેલો એ નાદ બહારના ધ્વનિને પણ ઢાંકીદે છે. આ રીતે યોગી ચિત્તની સમગ્ર ચંચળતા એક એક બાજુએ કરીને તેને જીતીને સુખી થઈ જાય છે.

**दिव्य देहश्च तेजस्वी दिव्यगंधस्त्व रोगवान् ।**

**सम्पूर्ण हृदयः शून्य आरम्भो योगवान्भवेत् ॥**

હૃદયરૂપી આકાશમાં નાદનો આરંભ થવાથી પ્રાણવાયુથી પૂર્ણએવા હૃદયવાળા યોગી સૂંદરતા વગેરેથી ભરેલા દિવ્ય દેહવાળા બની જાય છે. અને એની કાયામાંથી દિવ્ય સુગંધ વગેરે નીકળે છે. અને એ યોગી પણ બની જાય છે.

**नाद मेवानुसंन्द ध्यान्नादे चित्तं विलियते ।**

**नादासक्तं सदा चित्तं विषयं नहि कांक्षति ॥**

(નાદબિન્દોપનિષદ)

નાદાનુંસંધાનથી ચિત્ત શાંત થઈ જાય છે. આ સાધનામાં લાગી ગયેલુ ચિત્ત વિષયોની ઈચ્છા કરતું નથી.

**मकरन्द पिबन् भृंग्रो गन्धं नापेक्षते यथा ।**

**नादासक्तं तथा चित्तं विषया हि कांक्षत ॥**

(હઠયોગ)

આ સિવાય ડો. સ્વતંત્ર શર્માએ પોતાની પુસ્તક ભારતીય સંગીત એક વૈજ્ઞાનિક વિશ્લેષણમાં પૃ. ૯ થી૧૪ પર નાદના મહાત્મ્યનું વર્ણન કરતા લખ્યું છે કે ..

જેવી રીતે પુષ્પોના રસનું પાન કરનારો ભ્રમર બીજી કોઈ સુગંધને ઈચ્છતો નથી એવી જ રીતે નાદમાં રત થઈ ગયેલું અંતઃકરણ બીજા વિષયોની ઈચ્છા કરતું નથી.

नास्ति नादात्परो मन्त्रो न देवः स्वात्मनः परः ।
नानुसन्धे परा पुजा नहि तृप्तेः परं सुखम् ।।

(યોગ શિખોપનિષદ)

નાદથી મોટો કોઈ મંત્ર નથી, ન દેવ તથા નાદથી મોટી કોઈ પૂજા નથી

રાજયોગી મહારાજ ભર્તૃહરિ એ પોતાની પૂસ્તક ''વાકૂપદી'' માં નાદને બ્રહ્મ માન્યો છે.

अनदिनिधनं ब्रह्म शब्द त्वायदक्षरम् ।
विवर्तते अर्थभावेन प्रक्रिया जगतो यत्‌ः ।।

તાનસેને પોતાના પુસ્તક ''રાગમાલા'' માં નાદનું વર્ણન કર્યુ છે.

गीत वाद्य अरुनृत्य को कहो आतमा नाद ।
तानसेन संगीत्त मत, जामै उपजत्त स्वाद ।।

મતંગ મુનીએ નાદ ને બ્રહ્મ જનાર્દનનું મૂર્તિમાન રૂપ માને છે. તેઓએ નાદનું લક્ષણ પોતાના ગ્રંથ બ્રહદેશીમાં વર્ણવ્યું છે કે...

न नादेन बिना गीतं न नादेनन बिना स्वराः ।
न नादेन बिना नृत्तं तस्मानुनादात्मकं जगत् ।

नादरुपोः स्मृतो ब्रह्मा नादरुपो जनार्दनः ।।

(મતંગ મુની)

સંસારમાં નાદ વિદ્યાના એકીકરણને ગાન-વિદ્યા કહે છે. તેની સામવેદનો ઉપવેદ માનવામાં આવે છે . તેને ગંધર્વવેદ પણ કહેવામાં આવે છે. નાદને આધીન જ સંપૂર્ણ જગત છે. તેથી નાદબ્રહ્મ કહીએ છીએ.

चैतन्यं सर्वभूतानां विवृतं जगदात्मना ।
नाद ब्रह्म तदानांदम् द्वमतीयमुपास्महे ।
नादेन व्यजते वर्णः पदं वर्णात्पदाद्वयः ।।
वचसो व्यवहारोऽयं नादाधीनमतो जगत् ।।

નાદબ્રહ્મ સમસ્ત પ્રાણીઓમાં ચૈતન્ય અને આનંદમય છે. એની ઉપાસના કરવાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેની એકસાથે ઉપાસના થઈ જાય છે. એ ત્રણે નાદબ્રહ્મ સાથે સંકળાયેલા છે.

चैतन्यं सर्व भूतानां विकृत्त जगदात्मना ।
नादो ब्रह्म तदानंदमन्दिलीय मुपास्महे ।।
नाद पासनयोदेवा ब्रह्मा विष्णु महेश्वराः ।
भवन्त्युपासिता नूनं यस्मोदत तदात्मकाः ।। (૩)

અખિલવિશ્વ સંગીતમય છે. સંગીતના ત્રણ નાદ છે. અને તે અખિલ બ્રહ્માંડની પ્રત્યેક કણમાં વ્યાપ્ત છે. જેમ અગ્નિમાં ઉષ્ણતા છે. (૪)

તાંત્રિકોનું કથન છે કે નાદ વગરની સૃષ્ટિ અધુરી છે. સમસ્ત વિશ્વ બ્રહ્માંડ નાદ અને બિંદુનું પરિણામ છે.

(Vibration and Rotation.)

આ નાદમાં તાલ યુક્ત ગતિ પણ છે. પંચતત્ત્વોનું અગ્નિ તત્ત્વ જે વ્યક્ત શક્તિ નું પ્રાદુર્ભાવ રૂપ છે. તે આદિનાદનું મૂળ છે. અને તેજ સૃષ્ટિનું મૂળ છે. (૫)

આપણા વિદ્વાનો એ નાદના મુખ્ય બે પ્રકાર બતાવ્યા છે. એક એ કે જેનો સંગીતમાં ઉપયોગ થતો નથી. બંને પ્રકારના નાદો ની ઉત્પત્તિમાં અંતરનો મુળ આધાર ધ્વનિ આંદોલન પર આધારિત છે. જો ધ્વનિ આંદોલનનું કંપન અનિયમિત હોય તો તે નાદ સંગીત માટે ઉપયોગી નથી, પરંતુ ધ્વનિ આંદોલન નિયમિત કંપન યુક્ત હોયતો તે નાદ સંગીત ઉપયોગી છે.

**(૧)અનાહત નાદ**

**(૨)આહત નાદ**

આઘાત અથવા ઘર્ષણથી ઉત્પન્ન પ્રત્યક્ષ સાંભળી શકાય તે નાદને આહત નાદ કહેવામાં આવે છે. તથા જે સ્વયંભૂ અથવા તો ચિત્તમાં અનુભવ કરી શકાય તેને અનાહત નાદ કહે છે. આહત નાદ સંગીત ઉત્પત્તિનું મૂળ કારણ છે. અનાહત નાદ અવ્યક્ત અવિકારી હોવાથી ફક્ત યોગીઓની સાધનાનો વિષય છે. વેદોમાં તેને સચ્ચિદાનંદ બ્રહ્મનું સ્વરૂપ માન્યુ છે. તથા અનેક ધર્મ ગ્રંથોમાં તેનું મહાત્મ્યનું વર્ણન જોવા મળે છે. આહત નાદ એ સંગીત ઉપયોગી નાદ છે. જેની ઉત્પત્તિ વાયુ તથા અગ્નિના સંયોગથી થઈ છે. સંગીત સમ્રાટ તાનસેને પોતાના પુસ્તક રાગમાલમાં આનું વર્ણન કરતા લખ્યું છે કે..

**दै् प्रकार को नाद है, राख्यो सुरमुनि जानि ।**
**तानसेन जु कहयो हे, बहुं विधितिनै बखानि ।।६।।**

**नाहत नाद जो मुक्ति है, आहत्त रंजक जानि ।**
**मौ भंजन मीयां प्रगट, नादाहि कहयो बखानि ।।७।।**

नाहत बाजत आपुही, आहत देव बजाइ ।
तानसेन संगीत मत, इन्ह के कहे सुभाइ ।।८।।

वायु अग्नि संयोग ते, उपजत आहत नाद ।
तानसेन संगीतमत कहयो सुरनि बह्माद ।।१०।।

(રાગમાલા)(૭)

તાનસેન ના ઉપરોક્ત વિચારો ભારતીય સંગીત ગ્રંથોનો સાર છે. જયાં સુધી ઉત્પત્તિનો સંબંધ છે, ત્યાં સુધી આજે પણ અગ્નિ અને વાયુના સંયોગના પરિણામે નાદની ઉત્પત્તિ થઈ છે.

● **અનાહત નાદ:-**

અનાહત નાદ તે છે કે જે કેવળજ્ઞાનથી ઓળખવામાં આવે છે. જે કેવળ યોગિઓની સાધનાનો વિષય છે. આ અનાહત નાદની ઉપાસના આપણા પ્રાચીન ઋષિ-મુનિ કરતા હતા. આ નાદ મોક્ષ-પ્રદાયક છે. પરંતુ આનંદ-દાયક નથી તેથી સંગીત ઉપયોગી પણ નથી. વેદોમાં અનાહત નાદને સચ્ચિદાનંદ બ્રહ્મરૂપ માનવામાં આવયો છે. અનેક ધર્મગ્રંથોમાં તેની મહત્તાનું વર્ણન કરવામાં આવ્યુ છે.

અનાહત નાદ આઘાત વગર ઉત્પન્ન થાય છે. તેને ફકત યોગીજનો સ્થિતપ્રજ્ઞ થઈને સમાધિ અવસ્થામાંજ સાંભળી શકે છે. તથા બ્રહ્માનંદમાં લીન થઈ જાય છે. નાદબ્રહ્મનું યથાર્થ સ્વરૂપ અનાહત નાદ છે. મધ્યકાલીન સંતોએ અનાહત નાદની જ વ્યાખ્યા કરી છે. તેની ઉત્પત્તિ મનુષ્યના મૂળ આધાર ચક્રથી માનવામાં આવી છે. કાનને આંગળીઓથી બંધ કરવાથી જે ધ્વનિ સાથે-સાથે સંભળાય છે. તે અનાહત નાદ છે. સંગીત ચિંતક વિદ્વાનોએ અનાહત નાદ ને ''સ્વયંભૂ ગાંધાર'' નામ આપ્યુ છે. અનાહત નાદ સ્વયંમાં સંપૂર્ણ નિષ્કલ માત્ર સ્વરૂપ છે. અને તેને સિધ્ધ કરવા માટે જે સાધના કરવામાં આવે છે તેને નાદાનુંસંધાન કહે છે. તથા અનાહત નાદને અવ્યક્ત ધ્વનિ પણ

કહેવામાં આવે છે. અવ્યક્ત ધ્વનિના લક્ષણ સંગીત ગ્રંથોમાં પ્રાપ્ત નથી પરંતુ વ્યક્ત ધ્વનિ વિષે મતંગ મુનીએ બૃહદ્દેશીમાં સૌ પ્રથમ વર્ણન કર્યુ છે.

અવ્યક્ત ધ્વનિ એટલે ''વ્યક્ત ધ્વનિ''ના લક્ષણના આધાર પર કહી શકાય કે વર્ણથી રહિત અથવા વર્ણ વિહીન શબ્દજ અવ્યક્ત ધ્વનિ છે. અર્થાત્ જે વર્ણ આશ્રિત ન હોય અથવા વર્ણથી સૂક્ષ્મ હોય આવા ધ્વનિને અવ્યક્ત ધ્વનિમાં સામેલ કરવામાં આવે છે. સાધારણ શબ્દોમાં અવ્યક્ત ધ્વનિ અથવા નાદ તે માનવામાં આવે છે કે જેમાં માનવકંઠથી ઉચ્ચારિત સ્વરો અને વ્યંજનોની તથા વાદ્યોની અને પ્રકૃતિથી પ્રાપ્ત ધ્વનિ અભિવ્યક્તિનો સમાવેશ ન થતો હોય અર્થાત આ મૂળ ધ્વનિ છે, જે સ્વતઃ પ્રવાહિત હોય છે. જેનો કોઈ ઉતાર-ચઢાવ હોતો નથી, જે સામાન્ય રૂપથી પ્રવાહિત હોય છે. જેને એક પ્રકારની ગુંજ પણ કહી શકીએ છીએ. જેને સમજવા માટે એકાંત જગ્યાએ એકચિતે ૐકારની ઉપાસના કરવી પડે છે. જયારે જયારે મનના વિચારો તથા આવેગો શાંત થઈ જશે તથા ધ્યાનની એક સંપૂર્ણ અવસ્થા ગોઠવાશે ત્યાર પછી અનાહત નાદની અભિવ્યક્તિ કરવામાં સમર્થ થઈશું. મતલબ નાદની ઉપાસના કર્યા પછી આ સંસારની વ્યક્ત ધ્વનિઓ સંપૂર્ણપણે આપણા મનમાં સમી જશે ત્યારે અનાહત નાદની શરૂઆત થશે. માટે જ અનાહત-અવ્યક્ત નાદને યોગીઓની સાધના માટેનો નાદ તથા યોગીઓનો નાદ કહયો છે. વિદ્વાનોના મતાનુસાર અનાહત નાદને જે પામી જાય છે. તે દિવ્ય સત્તા સાથે ખુલ્લા મને વાતચીત કરી શકે છે. તથા પોતાનું ઈચ્છિત વર પ્રાપ્ત કરી શકે છે. પરંતુ અનાહત નાદની સાધના ખૂબ મુશ્કેલ તથા કઠીન છે. તેની સાધના સામાન્ય જન-સમાજ કરી શકતો નથી. પરંતુ જે પોતાની ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરી શકે છે. તેજ આ નાદાનુસંધાન અનાહત નાદની ઉપાસના કરી શકે છે.

● વત્સ! આત્મા અને બ્રહ્માની એકતાનું જયારે ચિતંન કરીએ છીએ ત્યારે કલ્યાણકારી જયોતિ સ્વરૂપ પરમાત્માનો નાદ રૂપે સાક્ષાતકાર થાય છે. યોગીઓએ સિધ્ધાસનમાં બેસીને વૈષ્ણવી મુદ્રા ધારણ કરીને અનાહત નાદને સાંભળવો જોઈએ આ અભ્યાસથી બહારનો કોલાહલ શૂન્ય બની જતાં અંતરંગ

તુર્યાવસ્થા પ્રાપ્ત થાય છે.

(નાદ બિન્દુપનિષદ ૩૦/૩૧/૩૨) (૭)

● નાદયોગમાં અનાહત સ્વર, સૂર્ય ૐકાર નો આધાર લેવામાં આવતો અને તેના વાહન અન્ય સ્વરોને ઘંટ, શંખ,ભેરી, મૃદંગ, ગુંજન,ગર્જના, કંપન વગેરે રૂપમાં સૂક્ષ્મ કર્ણેન્દ્રિયના માધ્યમથી સાંભળવામાં આવે છે. આ આધાર અવલંબનની મદદથી યોગીજન ભગવદ્ વાણીમાં ઓતપ્રોત થાય છે. પ્રકૃતિની અંદર ચાલી રહેલા હલન-ચલનને સમજી વર્તમાન અને ભવિષ્યની સ્થિતિ અને સંભાવનાઓનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

अहतोऽनाहतश्चेति द्विधा नादोनिद्यते ।
सोऽयं प्रकाशते पिंडे तस्मात् पिंडोऽभिधीयते ।।

(સંગીત રત્નાકર- ૧/૨/૩)

નાદના બે પ્રકાર માનવામાં આવે છે. આહત તથા અનાહત; અનાહત પિંડ (દેહ)થી પ્રગટ થાય છે. તેથી તેને પિંડનામ પણ આપવામાં આવ્યુ છે.

● પંડિત સારંગદેવના મતાનુસાર ઉપરોક્ત શ્લોકથી સ્પષ્ટ થાય છે કે અનાહત નાદ સ્વયંભુ તથા પંડિતજીએ તેને દેહથી ઉત્પન્ન થવા વાળો પણ બતાવ્યો છે. ઉપરોક્ત સંપૂર્ણ વર્ણન પરથી એ સ્પષ્ટ થાય છે કે બ્રહ્મયોગીઓ તથા નાદની ઉપાસનામાં જે સતત પ્રયત્નશીલ છે. એવાજ મહાન બ્રહ્મ પુરુષોજ આ નાદને વ્યક્ત કરી શકે છે.

● **આહતનાદ:-**

ધ્વનિ શબ્દ તથા અવાજ માત્ર આહત નાદ છે. તેના બે મુખ્ય પ્રકાર છે. જેમ કે સ્વાભાવિક (Natural) અને યાંત્રિક (Mechanical) કહેવાય છે.

મનુષ્ય, પશુ અને પક્ષિઓના કંઠે સ્વરને સ્વાભાવિક તથા નિર્જીવ વસ્તુઓમાં આઘાત

અથવા ઘર્ષણથી ઉત્પન્ન થતી ધ્વનિ શબ્દને યાંત્રિક, કૃત્રિમ અથવા બનાવટી અવાજને આહત નાદ કહેવામાં આવે છે.

પ્રથમ પ્રકારની ધ્વનિ કંઠસ્થિત છે. તથા બીજા પ્રકારની ધ્વનિ વાદ્ય સંગીતથી પ્રગટ થાય છે. આ નાદનું સંગીતમાં વિશેષ મહત્ત્વ છે. આ કર્ણ યંત્રથી સાંભળી શકાય છે. તેથી સંગીત માટે ઉપયોગી છે. અનાહત નાદની સગુણ અભિવ્યક્તિ ને આહત નાદ કહેવામાં આવે છે.

નાદમાં સૌંદર્ય ઉત્પન્ન કરવા માટે અને બુધ્ધિને આનંદ પ્રદાન કરવા માટે સંગીતમાં આહત નાદનો સહારો લેવામાં આવે છે.આપણે એવું કહી શકીએ કે સમસ્ત સંગીતનું ઉત્પાદક ઘટક આહત નાદ છે. આહત નાદના બે ભેદ પ્રમુખ છે.

**(૧) શ્રુતિ - મધુર**

**(૨) કર્ણ - કટુ**

સંગીત મનીષિયોએ ફક્ત સાંભળવામાં સુખદ ધ્વનિને નાદ સંજ્ઞાથી વિભૂષિત કર્યું છે. આજ નાદથી આપણા સંતો,યોગીજનો તથા સંત-સંગીતજ્ઞોની પરંપરા એ ત્યાંજ વિશ્રામા ન લીધો. કેટલાક એવા તત્ત્વોની ઉપલબ્ધિ કરીકે જે નાદ છે. પરંતુ અનાહત જેની ચર્ચા આગળ કરવામાં આવી છે. અનાહત નાદ ને મુક્તિદાતા માનવામાં આવ્યો પરંતુ આહત નાદથી ભવસાગર પાર લગાવવાળો બતાવી ને સંગીત દર્પણમાં દામોદર પંડિત કહે છે કે ....

**स नादस्त्वाहतो लोके रंजको भावभंजकः ।**

**श्रुत्यादि द्वारतस्तस्मात्तदुत्पत्तिर्निरुप्यते ।।**

..એટલે કે આહત નાદ વ્યવહારમાં શ્રુતિ ઈત્યાદી (સ્વર, ગ્રામ,મુર્ચ્છના)થી રંજક બની ને ભાવભંજક બની જાય છે. તેથી તેની ઉત્પત્તિનું વર્ણન કરુ છું

ઉપરોક્ત ઉદાહરણથી તે સિધ્ધ થાય છે. કે આહત નાદ જ સંગીત ઉપયોગી છે. આજ નાદ દ્વારા મીરાં, સુરદાસજી, નરસિંહ મહેતા વગેરે એ પ્રભુ સાનિધ્ય પ્રાપ્ત કર્યું.

આહત નાદ ને આઠ વિભાગમાં વિભાજીત કરવામાં આવ્યો છે.

**''ઘોષ, રાવ, સ્વન, શબ્દ, સ્ફુટ, ધ્વનિ, ઝંકાર અને ધ્વકૃતિ''** (૭)

આહત નાદને વ્યક્ત ધ્વનિ કહે છે. મતંગ મુનીએ બૃહદ્દેશીમાં વ્યક્ત ધ્વનિનું વર્ણન કરતા કહયું છે કે...

**ध्वनिस्तु द्विविधः प्रोक्तो व्यक्ताव्यक्त विभागतः ।**

**वर्णोपलम्भानाद व्यक्तो देशीमुखमुपागतः ।।**(૮)

અર્થાત્ કે વ્યક્ત અને અવ્યક્ત ધ્વનિને બે પ્રકારના માનવામાં આવે છે. જેમાં વર્ણોના ઉચ્ચારણથી દેશી મુખને વ્યક્ત ધ્વનિ પ્રાપ્ત થાય છે.

મતંગ મુનિના મત અનુસાર વ્યક્ત ધ્વનિ પર જે વિશદ્ મંતવ્ય આપ્યું છે. તેનાથી એ પ્રતીત થાય છે કે વર્ણથી આગળ વેદ અથવા ગાંધર્વપર્યંત સમસ્ત વ્યક્ત ધ્વનિનું ક્ષેત્ર હશે. પારિભાષિક અર્થમાં જ્યારે અવ્યક્ત ધ્વનિ માંજ અ, ક, ચ, ટ, ત, પ વગેરે વર્ણોનું સ્પષ્ટ ઉચ્ચારણનો સમાવેશ થાય છે. ત્યારે વ્યક્ત ધ્વનિ કહેવાય છે.

આપણા પ્રાચીન મનીષિયોએ પ્રકૃતિ સાથે સંગીતને જોડયું છે. તેથી પ્રાકૃતિક દ્રષ્ટિકોણથી જોઈએતો ત્યાં પણ વ્યક્ત ધ્વનિ છે. નદીઓનો પ્રવાહ, પક્ષીઓનો કલરવ વગેરે. આમાં વાયુ તથા અગ્નિના સંયોગથી ધ્વનિ વ્યક્ત રૂપથી થાય છે. આજ પ્રમાણે કંઠ સંગીતમાં વાયુ તથા અગ્નિના સંયોગથી ધ્વનિ ઉત્પન્ન થાય છે. તેથી વ્યક્ત ધ્વનિમાં વીણા, વેણુ, મૃદંગ, મુરજ અને કંઠ ધ્વનિ આદિનું વર્ણન કરવામાં આવે છે. કારણ કે કોઈપણ વાદ્ય વગાડવા તેમાં આઘાત કરવો પડશે. જેના ફળ સ્વરૂપે ધ્વનિ ઉત્પન્ન થશે. કંઠય સંગીતમાં આઘાર ન્યુનતમ છે. તેથી ત્યાં કોઈપણ વ્યંજન વગર ''આ'' પણ કરીએ છીએ અર્થાત્ કે કંઠય સંગીતમાં ચેષ્ટા કરવાથી સ્વર તો અવશ્ય આવી જાય છે. પરંતુ સામાન્ય રીતે વાદ્ય સંગીતમાં આઘાત થીજ ધ્વનિ ઉત્પન્ન થશે. જેમાં ''આ'' અથવા ''ઈ'' જેવા સ્વર પણ પ્રયુક્ત નથી થતા. જેમ કે સિતાર કે તાનપુરામાં હલકો આઘાત કરવાથી તેમાં

ધ્વનિ સંભળાશે સાથે અન્ય સહાયક સ્વરો પણ ઉત્પન્ન થશે. પરંતુ કંઠય સંગીતમાં સહાયક ધ્વનિ સંભવિત નથી તેથી પ્રાચીન કાળમાં વાદ્યોની પ્રધાનતા વધારે હતી.

વાદ્યોની ધ્વનિનું ક્યારેક 'આ,ઈ, ૐ' ની સાથે સાદૃશ્ય નથી થતું કારણકે વાદ્ય વગાડવાથી માત્ર ધ્વનિ સંભળાશે ચાહે તે અવનદ્ધ વાદ્ય હોય કે ઘનવાદ્ય પરંતુ કંઠય સંગીતમાં અક્ષરાત્મક ધ્વનિના યોગથી નાદ વ્યક્ત રૂપથી પ્રગટ થાય છે. જ્યારે વાદ્યમાં આઘાત્મક ધ્વનિની ઓળખના માટે ભાષાગત અક્ષરોનો પ્રયોગ પ્રાચીન પરંપરાનુસાર થતો આવ્યો છે. ભાષામાં સ્વર અને વ્યંજનના દ્વારા તથા સંગીતમાં સાર્થક -નિરર્થક અક્ષરાત્મક સમૂહોના દ્વારા નાદ વ્યક્ત રૂપે પ્રકટ થાય છે.

સારાંશમાં કહી શકાય કે અવ્યક્ત ધ્વનિમાં જ્યારે નાદની વાત કરીએ તો તે અનાહત નાદ છે. જે સ્વતઃ ઉત્પન્ન થાય છે. તથા જ્યારે તે અવ્યક્ત ધ્વનિમાં કોઈ વિકાર ઉત્પન્ન થાય છે, ત્યારે વ્યક્ત ધ્વનિ કહેવાય છે. અહી વિકારનું તાત્પર્ય જેમ કે અવ્યક્ત અથવા મૂળ ધ્વનિમાં જ કોઈ આઘાત ઉત્પન્ન કરી દેવામાં આવે જેમ કે સિતાર વાદ્ય પર ''દા,દારા'' જેવા બોલોનો પ્રયોગ, તો આ વ્યક્ત ધ્વનિ કેહવાશે. આને જ આહત નાદ કહેવામાં આવે છે.

## પાદટીપ

| | | |
|---|---|---|
| ૧. | ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૩,૪ |
| ૨. | શ.ના. | પૃ.૫૫,૫૬,૬૧,૬૨ |
| ૩. | શ.ના. | પૃ.૫૭ |
| ૪. | વિક્રમ સમૃતિગ્રંથ | |
| | ભારતીય સંગીતકા વિકાસ(પં લાલમણિ મિશ્રા) | પૃ.૭૭૭ |
| ૫. | મ.ધ.શા.સં.તુ.અ. | પૃ.૬૩ |
| ૬. | ભા.સં.વા. | પૃ.૧૮૩ |
| ૭. | શ.ના. | પૃ.૫૩,૫૯ |
| ૮. | 'સંગીત' માસિક | |
| | ડિસે.-૧૯૯૫ | પૃ.૨૬ |

## સંદર્ભ ગ્રંથ સુચિ


| પુસ્તકનું નામ | લેખક | પુસ્તકનું ટુંકુ નામ |
|---|---|---|
| સંગીત રત્નાકાર | પં. સારંગદેવ | સં.ર. |
| સંગીત સમયસર | પાર્શ્વદેવ | સં.સ. |
| સંગીત દર્પણ | પં.દામોદર | સં.દ. |
| શબ્દબ્રહ્મ-નાદબ્રહ્મ | પં. શ્રી રામશર્મા આર્ચાય | શ.ના. |
| ભારતીય સંગીત એક વૈજ્ઞાનિક વિશલેષણ | ડો. સ્વતંત્ર શર્મા | ભા.સં.વૈ.વિ. |
| મધ્યકાલીન ધર્મો મેં શાસ્ત્રીય સંગીતકા તુલનાત્મક અધ્યયન | જીતેન્દ્રસિંહ ખન્ના | મ.ધ.શા.સં.તુ.અ. |
| ભારતીય સંગીત વાદ્ય | ડો. લાલમણી મીશ્રા | ભા.સં.વા. |
| 'સંગીત' માસિક ડિસે.-૧૯૯૫ | હાથરસ પ્રકાશન | |
| તબલેકા ઉદ્ગમ,વિકાસ ઔર વાદન શૈલિયાં | ડો. યોગમાયા શુક્લ | ત.ઉ.વિ.વા.શૈ. |